## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના ચાણસદ ગામે પ્રમુખ વરણી દિવસે આમ્રમહોત્સવ યોજાયો

**પાદરા** : પાદરાના નાના એવા ચાણસદ ગામના નાના એવા શાંતિલાલ ને વિશ્વ ફલક પર પ્રમુખ સ્વામી મહારાજ ના બિરૂદે પંહોચાડનાર દિવસ એટલે આજ થી ૭૪ વર્ષ પહેલાં વિક્રમ સવંત ૨૦૦૬ ની જેઠ સુદ ચોથ નો દિવસ. ફક્ત ચાર દાયકા ની મજલ કાપેલ નાની એવી બી.એ.પી.એસ. સંસ્થા ના સ્થાપક અને દીર્ઘ દ્રષ્ટા બ્રહ્મ સ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે ચુમ્મોતેર વર્ષ પહેલાં આજ ના દિવસે ફક્ત અઠ્યાવીસ વર્ષ ના નારાયણ સ્વરૂપ સ્વામી ને પોતાના અનુગામી તરીકે પ્રમુખ પદે આરૂઢ કર્યા હતા અને આ રીતે સમગ્ર વિશ્વ ને મળ્યા પ્રમુખ સ્વામી મહારાજ. પ્રમુખ સ્વામી મહારાજ ઘણી વખત કહેતા કે પ્રમુખ પદ સત્તા સુચક નહીં પરંતુ સેવા પ્રેરક હોય તો જ સંસ્થા નો ઉત્કર્ષ થાય. પોતાના સમગ્ર જીવન દરમિયાન આ જ રીતે જીવનારા પ્રમુખ સ્વામી મહારાજ ના પ્રાગટ્ય સ્થાન ચાણસદ ખાતે પૂજ્ય સંતો તથા હરિભકતો એ જહેમત કરી ને ચુમોતેર માં પ્રમુખ વરણી દિવસ અન્વયે ફળો માં શિરમોર એવી તમામ બત્રીસ જાત ની કેરીઓ એકત્ર કરી કુલ સાતસો ચાલીસ કીલો નો આમ્રોત્સવ કર્યો હતો.

### ઝાલોદના લીમડી નજીક ખેડા પાસે કારની ટક્કરે બાઇક ચાલકનુ મોત

**દાહોદ** : ઝાલોદ તાલુકાના નાની હાંડી ગામે પટેલ ફળિયામાં રહેતા પિયુષભાઈ કાળુભાઈ નીનામા પોતાના કબજાની મોટરસાયકલ લઇ ઝાલોદ હાઇવે રોડ પર લીમડી નજીક ખેડા બાયપાસ તળાવ પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે એક ફોરવીલર ગાડી ના ચાલકે પોતાના કબજાની ફોરવીલર ગાડી પૂર ઝડપે તેમજ ગફલત ભરી રીતે હંકારી લાવી પિયુષભાઇની મોટરસાયકલને જોશભેર ટક્કર મારતા પિયુષભાઈ પિયુષભાઈ મોટરસાયકલ પરથી ફંગોળાઈ જમીન પર ફટકાયા હતા જેને પગલે તેઓનું મોત નીપજ્યું હતું જ્યારે ફોરવીલર ગાડીનો ચાલક અકસ્માત સર્જી નાસી જતા આ સંબંધે કાજુભાઈ સેનાભાઈ નીનામાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ કરી છે.

### છોટાઉદેપુરની ન્યુ સર્વોદય કો.ક્રેડિટ સોસાયટી લિમિટેડમાં વાર્ષિક મહોત્સવ ઉજવાયો

**છોટાઉદેપુર** : છોટાઉદેપુર સ્થિત ન્યુ સર્વોદય કો ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીના પટાંગણમાં યોજાયેલ વાર્ષિક મહોત્સવનો પ્રારંભ દેશભક્તિના ગીત સાથે કરવામાં આવ્યું હતુ. જેમાં સ્વસ્તિક સભાસદોનું મુનાફભાઈ આરબ દ્વારા સ્વાગત પ્રવચન કરી સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સોસાયટીના કર્મચારીઓ દ્વારા ઉપસ્થિત મહાનુભવોને પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સોસાયટીના સભાસદોના બાળકો કે જેઓએ શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. તેવા તેજસ્વી તારલાઓને ઉપસ્થિત મહાનુભવોના હસ્તે પુષ્પગુચ્છ તેમજ મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વાર્ષિક મહોત્સવમાં સોસાયટીના નિયમિત સભાસદોને પણ પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સોસાયટીના સભાસદોએ પણ સોસાયટી પ્રત્યે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

### શિનોરના સુરાશામળ અને તરવા ગામે ભારે પવનના કારણે વીજ પોલ પર વૃક્ષ ધરાશાયી

**શિનોર** : ગત રોજ સાંજના સમયે એકાએક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે વડોદરા જિલ્લાના અનેક ગામો તેમજ તાલુકાઓ માં વરસાદ તૂટી પડતા વાતાવરણ માં ઠંડક પ્રસરી હતી. ત્યારે શિનોર ના સુરાસામળ ગામે ભારે પવન ના કારણે મહાકાય વડ નું વૃક્ષ ધરાસાઈ થતા ડીપી સહિત ૩ સિમેન્ટ વિઝપોલ તોડી નાખતા જીવતા વિઝતાર જમીન પર પથરાયા હતા પરંતુ પવન વરસાદ ને લઇ કોઈ બહાર ન હોવાના કારણે મોટી જાનહાની થતા ટળી હતી.સુરાસામળ ગામે આવેલ જૂની આંગણવાડી કમ્પાઉન્ડ માં આવેલો વર્ષો જૂનો વડલો ધરાસાઈ થતા વડલો થામ્બલા ના વિઝતાર પર પડતા તાર ખેંચાઈ જતા ડીપી સહિત ૩ સિમેન્ટ વિઝપોલ તોડી નાખ્યા હતા.જેના પગલે શિનોર ડેપ્યુટી એન્જીનીયર મૌલિક શાહ , geb કર્મીઓ સ્થળ પર પહોંચી કામે લાગ્યા હતા.અને પુનઃ વિઝપુરકવઠો શરૂ કરવા યુદ્ધના ધોરણે શિનોર જી.ઈ. બી ના માણસો કામે લાગ્યા હતા

---

**નસવાડી તાલુકામાં વરસાદ પડતા ની સાથે જ કાચા ઝૂંપડામાં રહેનારાઓની ચિંતા વધી**

# ચોમાસાની સીઝન શરૂ થતા તાડપત્રીની ખરીદી

**60%** પરિવારો કાચા ઝુંપડા અને નળીયા વાળા મકાનો માં રહે છે જેઓ વરસાદના પાણીથી બચવા અને છત ઢાંકવા માટે તાડપત્રીનો ઉપયોગ કરે

(પ્રતિનિધિ) નસવાડી,તા,10

નસવાડી તાલુકામાં 210 ગામો આવેલા છે જેમાં 60% પરિવારો કાચા ઝુંપડા અને નળીયા વાળા મકાનો માં રહે છે પહેલો વરસાદ પડતા નળીયા વાળા મકાનો માંથી વરસાદી પાણી ઘરો માં પડતા મકાનની છત ઢાંકવા માટે પ્લાસ્ટિકની ખરીદી કરવા માટે નસવાડી ખાતે લોકો ઉમટી પડ્યા હતા.

નસવાડી તાલુકામાં પ્લાસ્ટિક થી છત ઢાંકી ને ચોમાસા ના ચાર મહિના વિતાવે છે આવા અનેક પરિવારો તાલુકામાં છે જયારે સરકાર આવા પરિવારોને પાકી છત માથે મળે તે માટે સરકાર ની અલગ અલગ યોજના માંથી આવાસ નો લાભ આપવો જોઈએ ત્રણ વર્ષથી નવા આવાસ માટે સર્વે કરવામાં આવતું નથી 2017 માં સર્વે કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ આજે છ વર્ષ વીતી જવા છતાંય આવાસ યોજના માટે સરકાર દ્વારા સર્વે કરવામાં આવતું નથી નસવાડી તાલુકામાં અનેક પરિવારો ચોમાસા માં ભારે વરસાદ પડે ત્યારે છત માંથી ટપકતા પાણી માં રાત વિતાવવા મજબૂર બને છે. આદિવાસી વિસ્તાર માં ગરીબીનું પ્રમાણ વધુ છે અને ખેતીમાં છેલ્લા ત્રણ વર્ષ થી ખેડૂતો નુકશાની ભોગવે છે અને ખેતી માં જોઈએ તેટલું મજૂરી કામ મળતું નથી ત્યારે આવા પરિવારોને વહેલી તકે સરકારે આવાસની ફાળવણી કરવી જોઈએ જેનાથી દરવર્ષે નળિયાં ઉપર પ્લાસ્ટિક ઢાંકવાથી મુક્તિ મળે .

### શિનોર પંથકમાં અસહ્ય ઉકળાટ વચ્ચે મેઘસવારી, વાતાવરણમાં ઠંડક પ્રસરી

પવન, વિજળીના કડાકા સાથે વરસાદ વરસવાનું શરૂ થયુંવરસાદ ને લઈ વાતાવરણ માં ઠંડક પવન સાથેવરસાદી ઝાપટા પડતા ગરમી બફારા થી રાહતશિનોર, સાઇલી, સેગવા, અવાખલ, માલપુર, ઉતરાજ સહિત ના ગામડાઓ વિસ્તાર માં વરસાદી ઝાપટું.. હાલ વરસાદ ચાલુશિનોર ના મેન બજારો માં વરસાદી પાણી વહેતા થયા

---

**ચાર સમો સામે પોલીસ કાર્યવાહી**

## હાલોલ તાલુકાના રામજી ખાંટના મુવાડામાં ધિંગાણુ થતા ફરિયાદ

(પ્રતિનિધિ) હાલોલ,તા,10

હાલોલ તાલુકાના રામજી ખાંટના મુવાડા ગામે રહેતા પંકજકુમાર રોહિતભાઈ પરમાર ગત શુક્રવારના રોજ સાંજના સુમારે પોતાની બાઈક લઈને ગામમાં આવેલી પ્રાથમિક શાળા સામેના રોડ પર રહીને પસાર થઈ રહ્યા હતા ત્યારે ગામમાં જ રહેતા રમણભાઈ સનાભાઇ પરમાર તથા તેમનો છોકરો સુનિલભાઈ રમણભાઈ પરમાર તેમની બાઈક લઈને ત્યાં આવ્યો હતો અને બંનેની બાઈકો ક્રોસ થતા સુનિલભાઈ રમણભાઈ પરમારે પંકજકુમારને મા બેન સમાણી ગાળો બોલી કહેવા લાગ્યો હતો કે તું અમારી ઉપર મોટર સાયકલ કેમ નાખે છે તેમ કહી ખરાબ ગાળો બોલતા પંકજકુમારે ગાળો બોલવાની ના પાડતા સુનિલભાઈ રમણભાઈ પરમારે પંકજકુમારને ગદડા પાટુનો માર મારતા પંકજભાઈ ત્યાંથી ભાગી પોતાના ઘરે ચાલ્યા ગયા હતા જ્યાં સુનિલભાઈ રમણભાઈ પરમાર તેમના હાથમાં કુહાડી તથા નરેન્દ્રભાઈ પરમાર, કેતનભાઇ પરમાર અને કમલેશભાઈ પરમાર હાથમાં લાકડી લઈ ત્યાં આવી પહોંચ્યા હતા જેમાં સુનિલે હાથમાંની કુહાડી તેઓના દરવાજાને છ થી સાત જગ્યાએ મારી કાણા પાડી દીધા હતા દરમ્યાન પંકજકુમારની માતા કલ્પનાબેન વચ્ચે છોડાવા પડતા સુનિલ પરમારે તેઓની માતાના મોઢાના ભાગે અને કમરના ભાગે લાતો મારી હતી અને કેતન તથા નરેન્દ્ર તથા કમલેશને તેમના હાથની લાકડીઓ બંને પગની પિંડીના ભાગે મારી ઈજા પહોંચાડી હતી અને અને બંન્ને માતા પુત્રને માર મારી આ ચારેય વ્યક્તિઓ ત્યાંથી ભાગી છુંટ્યા હતા.

### હાલોલના ગોધરા રોડ ઉપર બાઈક સ્લીપ થતા પટકાયેલા યુવકનુ મોત

(પ્રતિનિધિ) હાલોલ,તા,10

હાલોલ શહેરના સ્ટેશન રોડ પર આવેલ જૂની કોર્ટની સામે રહેતા 32 વર્ષીય વિપુલકુમાર વસનાજી મારવાડી પોતાની બજાજ કંપનીની પ્લસર બાઈક લઈને ગત રાત્રિના સમયે હાલોલ શહેરના ગોધરા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા જેમાં તેઓની પલ્સર બાઈક પર તેઓની પાછળ સ્ટેશન રોડ પર જૂની કોર્ટ સામે રહેતા ભાવેશભાઈ કોયાજી મારવાડી ઉંમર વર્ષ 19 નાઓ પણ બેઠેલા હતા તે દરમ્યાન ગોધરા રોડ પર આવેલી બી.એસ.એન.એલ કચેરીની બહાર મુખ્ય રોડ પર એકાએક તેઓની બાઈકની સામે અચાનક જ એક ગાય આવી જતા વિપુલનો પોતાની બાઈક પરના સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થઈ હતી અને યુવક પટકાયો હતો જ્યાં માથા સહિત શહેરના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયો જ્યા આજે સવારે યુવકનુ મોત નીપજ્યુ હતુ.

---

**સહયોગ કો.ઓ.ક્રે.સો.મા દૈનિક બચતના નાણા ઓહીયા કર્યા હતા**

## દાહોદમાં નાણાની ઉચાપત કેસમાં 3 માસથી ભાગતી મહિલા આરોપી ઝડપાઈ

**દાહોદ** ટાઉન એ ડિવીઝન પોલીસે આરોપીને ઝડપી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) દાહોદ,તા,10

દાહોદ ટાઉન એ ડિવીજન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ સહયોગ કો.ઓ. સોસાયટીમાં દૈનિક બચતના નાણા કલેકટીંગ એજન્ટ તરીકે જયમાલાબેન બાબુલાલ અગ્રવાલ રહે.૪૦૬, અક્ષર ટાવર-૧ મંડાવાવ રોડ દાહોદનાઓ ફરજ બજાવતા હતા અને તેઓએ સને ૨૦૧૪ થી તા.૧૪/૧૧/૨૦૧૪ ના ૬.૧૧/૦૦ વાગ્યાથી તા.૧૭/૧૧/૨૦૨૩ ના ક.૧૧/૦૦ વાગ્યા દરમ્યાન ઉઘરાવેલ આ સોસાયટીમાં દૈનિક બચત કરતા કુલ-૧૦૬ ખાતેદારો પાસેથી કુલ રૂ.૮૮,૯૫,૧૦૦/- (અઠ્ઠયાસી લાખ પંચાણુ હજાર સો) આરોપીએ ઉઘરાવી જે નાણા સહયોગ કો.ઓ. ક્રેડીટ સોસાયટી લી. દાહોદમાં જમા નહી કરાવી પોતાના અંગત કામમાં વાપરી નાખી ઉચાપત કરી વિશ્વાસઘાત, છેતરપીંડી કરી ગુન્હો કર્યા વિગેરે બાબતની હકીકત આધારે સહયોગ કો.ઓ. સોસાયટીના મેનેજરનાઓએ ફરીયાદ આપતાં તા.૧૪/૦૩/૨૦૨૪ ના કલાક ૧૫/૩૦ વાગ્યે ઉચાપતનો ગુન્હો દાખલ કરવા દાખલ કરવામાં આવેલ છે.

સદર ગુન્હો દાખલ થયા પછી ઉચાપત કરનાર આરોપી જયમાલાબેન બાબુલાલ અગ્રવાલ નાઓ નાસતા ફરતા રહેલ અને પોલીસની પકડથી દુર રહેલ અને સદર ગુન્હાની તપાસ ડી.ડી.પઢીયાર પોલીસ ઈન્સ્પેકટર નાઓ કરતા હોય તેઓએ હુમન સોર્સથી માહીતી મેળવી પોલીસ સ્ટાફના માણસો દ્વારા વોચ રખાવી ગઇ તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ આરોપી જયમાલાબેન બાબુલાલ અગ્રવાલને મંડાવાવ રોડ દાહોદ ખાતેથી ધરપકડ કરી પુછતાં દૈનિક બચતના ખાતેદારો પાસે દરરોજના રૂપીયા લેવા સારૂ પોતાનો છોકરો ધવલભાઇ S/O સુનિલકુમાર અગ્રવાલ પણ જતો હતો અને તેને અને પોતે ખાતેદારો પાસેથી ઉઘરાવેલ રૂપીયામાંથી અમુક રૂપીયા સહયોગ બેંકમાં જમા નહી કરાવેલ હોવાની કબુલાત કરેલ હોય આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવી આગળની તપાસ તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

---

**આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓ નાનપણથી તિરકામઠું ચલાવતા હોય છે**

## નસવાડીના લિન્ડા ગામની મોડેલ સ્કૂલમાં તિરંદાજી રમત સુવિધાની માંગ કરાઈ

(પ્રતિનિધિ) નસવાડી,તા,10

નસવાડી તાલુકાના લિન્ડા ખાતે આદિજાતિ વિભાગ દ્વારા મોડેલ સ્કૂલ તેમજ કન્યા સાક્ષરતા નિવાસી શાળા પિસાયતા ,ધારસિમેલ ,ઘુટિયા આંબા ની શાળાઓ ચાલે છે જેમાં 900 જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ ધોરણ 6 થી 12 સુધી અભ્યાસ કરે છે જયારે તમામ સુવિધાઓ રહેવા જમવાની અને શિક્ષણ ની સરકાર પુરી પાડે છે સૌથી વધુ વિદ્યાર્થીઓ આદિવાસી સમાજ ના હોઈ છે જયારે લિન્ડા ખાતે ચાલતી શાળામાં તિરંદાજીની રમત શીખવાડવામાં આવતી નથી તેના માટે પ્રયોજના વહીવટદાર

દ્વારા સરકાર પાસે આની મંજૂરી માંગી અને તીરંદાજી ના શિક્ષણ ના વર્ગ શરુ કરવા માટે પ્રયત્ન કરવા જોઈએ આદિવાસી વિદ્યાર્થીઓના માતાપિતા ખેતરના ઉભા પાકનું રક્ષણ કરવા માટે તેમજ જંગલી પ્રાણીઓથી બચવા માટે તીરકામઠાંનો ઉપયોગ કરતા હોય છે નસવાડી એકલવ્ય એકેડમીમાં દિનેશભાઇ ડુ.ભીલ વિના મુલ્યે લોકોના સહયોગ થી 40 જેટલા બાળકોને હોસ્ટેલ માં રાખીને એક પણ રૂપિયો ફી લીધા વગર અભ્યાસ સાથે તીરંદાજીનું શિક્ષણ આપે છે ત્યારે કેન્દ્ર સરકાર ની ગ્રાન્ટ માંથી ચાલતી લિન્ડા ખાતે મોડેલ સ્કૂલ તેમજ કન્યા સાક્ષરતા નિવાસી શાળા માં તીરંદાજી ની રમત નું શિક્ષણ આપવામાં આવે તો કેટલાક પ્રતિભાશાળી ખેલાડીઓ આગળ આવે તેમ છે સરકાર રમશે ગુજરાતનો સ્લોગન આપ્યું છે ત્યારે આદિવાસી વિદ્યાર્થીઓને તીરંદાજીની રમત માટેના આધુનિક સાધનો લિન્ડા ખાતેની શાળામાં વિકસાવે તેવી લોકમાંગ છે.

### ખડકી ગામે ઈલેક્ટ્રીક મોટર ચાલુ કરતા કરંટ મહિલાનું મોત

(પ્રતિનિધિ) કાલોલ,તા,10

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના ખડકી ગામે છગનની મુવાડી ખાતે રહેતા સંગીતાબેન રયજીભાઈ ગોહિલ પોતાનુ મકાન બનાવતા બીમ ભરેલો હોવાથી બીમને પાણી છાંટવા માટે મોટર ચાલુ કરવા જતા કરંટ લાગતા તેઓને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન તેઓનું મરણ થતાં વેજલપુર પોલીસ મથકે રયજીભાઈ શંકરભાઈ ગોહિલ દ્વારા જાણ કરાતા પોલીસે અકસ્માત મોત ની નોંધ કરી ઈન્ચાર્જ ડીવાયએસપી હાલોલ બી.એલ દેસાઈ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

---

**પ્રથમ વરસાદે લો-લેવલ કોઝ-વેએ એકનો ભોગ લીધો**

## સિંહાદા ગામે ધામણી નદીના પ્રવાહમાં તણાયેલા આધેડનું મોત

**કોઝ-વેનુ** પાણી ઉતરતા 12 કલાક બાદ પાણી માંથી મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) નસવાડી,તા,10

કવાંટ તાલુકાના સિહાદા ગામનો એક ખેડૂત પાનવડ ખાતે ખરીદી કામ માટે ગયો હતો અને ખરીદી પતાવી ને પગપાળા ઘરે આવવા માટે પાનવડ થી નીકળ્યો હતો તે વખતે થોડો ઘણો વરસાદ પડતો હતો જયારે મધ્યપ્રદેશ ના ઉપરવાસ ના વિસ્તારો માં તેમજ છોટાઉદેપુર તાલુકાના ઉપરવાસના વિસ્તારો માં ધોધમાર વરસાદ પડતા સુકા ભટ્ટ કોતરોમાં અને ધામણી નદીમાં અચાનક જ પાણી આવ્યું હતું.

ત્યારે સિહાદાના કોઝ વે ઉપર નરસિંહભાઈ લાલસિંગભાઈ રાઠવા ઉંમર 45 સિંહાદા ગામે નિશાળ ફળિયાના રહેવાસી, પગપાળા જતા હતા તે વખતે પાણીમાં તણાયા હતા , પાણીનું વેણ નદીમાં અચાનક વધી જતા દૂર સુધી તણાઈ જતા રાત્રીના સમયે સ્થાનિકો લોકો એ અને તરવૈયાઓએ શોધખોળ કરેલ પરંતુ ખેડૂતનો અતોપતો ના લગતા લોકોએ સોમવારે વહેલી સવારે તણાયેલા ખેડૂત ની શોધખોળ હાથ ધરતા નદી માંથી તેનો મૃતદેહ મળ્યો હતો.

મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખાતે કવાંટ લઈ જવાયો, ગત વર્ષે પણ નદીના આ કોઝવે ઉપરથી પસાર થતા વૃદ્ધનો તણાઈ જવાની ઘટના બની હતી , દરવર્ષે ચોમાસા દરમિયાન અનેક વખત કોઝવે ઉપર પાણી ફરી વળતા , સ્થાનિક લોકો ને મુશ્કેલી નો સામનો કરવો પડે છે સરકાર સહાય આપીને છૂટી જાય છે પરંતુ ધામણી નદી ઉપર આ લો લેવલ ના કોઝ વે ની જગ્યા એ નાનો પુલ બનાવવાની આદિવાસી સમાજ ના લોકો વર્ષો થી માંગ કરી રહ્યા છે પંચાયત માર્ગ મકાન વિભાગ ના અધિકારીઓની નિષ્કાળજી ના કારણે એક શ્રમજીવી પરિવારે પોતાનો પરિવાર નો મોભી ગુમાવ્યો છે છોટાઉદેપુર જિલ્લાના છ તાલુકામા લો લેવલ ના કોઝ વે ની જગ્યા એ નાના પુલ બનાવે તે જરૂરી બન્યું છે અનેક ગામડાઓમાં લો લેવલ ના કોઝ વે ના કારણે ચોમાસા માં બે બે દિવસ સુધી અનેક ગામો સંપર્ક વિહોણા બને છે તેની જાણ તંત્ર અને સરકાર ને છે શહેરોની જેમ ગામડાઓનો પણ વિકાસ થવો જોઈએ તેવી આદિવાસી પ્રજા ની માંગ છે

---

## લીમખેડા નગરમાં રેતી ભરેલા ભારદારી વાહનોની અવરજવરથી ટ્રાફિક અને અકસ્માતનો ભય

**તાજેતરમાં** જ લીમખેડા બાયપસ પર રેતી ભરેલા ડમ્પરના ચાલકે બે બાઇકોને અડફેટે લેતા એક પુરુ અને એક મહિલાનુ મોત થયુ હતુ

(પ્રતિનિધિ) લીમખેડા,તા,10

લીમખેડા નગરના મુખ્ય બજારમાંથી હાઈવે રોડ પ્રસાર થાય છે જે રોડ અમદાવાદ વડોદરા થી આવતા વાહનો લીમખેડા નગર માંથી પ્રસાર થઈ ને રાજસ્થાન તથા મધ્ય પ્રદેશ રાજ્યમાં જાય છે તેમજ આ હાઈવે રોડ પરથી 24 કલાક દરમિયાન રેતીના ભારે થીં અતિ ભારે 300 થી વધારે કરતાં વાહનો 50 ટન કરતા વધારાનો સામાન લઈને અવરજવર કરતા હોય છે.જેને કારણે લીમખેડા નગરમાં અવારનવાર ટ્રાફિક જામ થવાની ઘટના ઉપસ્થિત થાય છે

આ ટ્રાફિક જામ થી આમ જનતા નગરજનો તથા સારવાર અર્થે આવતા દર્દીઓની હેરાફેરી કરતી એમ્બ્યુલન્સને પણ ખૂબ જ મુશ્કેલીઓ નડી છે આ બાબતે લીમખેડા સી એચ સી ના તાલુકા આરોગ્ય અધિકારી એ લીમખેડા પ્રાંત અધિકારી તથા મામલતદાર ને લેખીત જાણ કરી છે તેમજ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકી નો સામનો કરવો પડતો હોય છે હાલમાંજ લીમખેડા બાયપાસ પર રેતી ભરેલા ડમ્પરે બે બાઇકને અડફેટે લેતાં એક પુરુષ તથા એક મહિલા નું મોત નિપજ્યું હતું અવારનવાર ટ્રાફિક જામ થી અને અકસ્માત ની ઘટના થી ભયભીત થયેલા લીમખેડા નગરજનોએ આવા ભારે થીં અતિ ભારે વાહનો સવારના 08:00 થી સાંજના 8 સુધી લીમખેડા નગરમાં પ્રવેશ કરવા દેવા જોઇએ નહીં તેવું જાહેરનામું પ્રસિદ્ધ કરવાની માંગ કરી છે તેમજ લાગતા વળગતા અધિકારીઓ આ ટ્રાફિક ની ગંભીર સમસ્યાઓનો ત્વરિત ઉકેલ લાવે તેવી પણ માંગ કરી છે